પ્લાસ્ટિક વેસ્ટ અંગે ગુજરાત હાઈકોર્ટે રાજ્યવ્યાપી ગંભીર નિર્દેશો સાથે સૂચનો કર્યા

ગુજરાતમાં ત્રણ લાખ સ્વયંસેવકોએ ૧૦ હજાર ટન પ્લાસ્ટિક વેસ્ટ એકત્ર કર્યું: દોઢ કરોડ કપડાની થેલીઓનું વિતરણ

અમદાવાદ તા. ૨૪: પ્લાસ્ટિક વેસ્ટ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે શાક-ફ્રૂટ માર્કેટમાં અસરકારક પ્રતિબંધનો નિર્દેશ કર્યો છે, તો બીજી તરફ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે આ અંગે થયેલી રાજ્યવ્યાપી કામગીરીનો દાવો કરતા આંકડા રજૂ કર્યા હતાં.

ગુજરાત પ્રદૂષણ નિવારણ બોર્ડનો દાવો

ગુજરાતની વિવિધ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ અને મેનેજમેન્ટ સંબંધિત મુદ્દે દાખલ કરાયેલી જાહેર હિતની રિટ અરજીની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને એક મહત્ત્વનું સુચન કર્યું છે.

ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ખંડપીઠે શાકભાજી અને ફ્રૂટ બજારના વિક્રેતાઓ પર પ્લાસ્ટિકની થેલીઓનો અસરકારક પ્રતિબંધ લાદી તેના બદલે કપડાની થેલીની પ્રથા અમલમાં લાવવા જણાવ્યું હતું. ગુજરાત હાઈકોર્ટે પ્લાસ્ટિકના લીધે ફેલાતા ગંભીર પ્રદૂષણ મામલે ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે, 'અમ્યુકો સત્તાવાળાઓ અને અધિકારીઓ દ્વારા જો શાકભાજી કે ફળફળાદી વેચનારા લોકોની તપાસ કરવામાં આવે અને પ્લાસ્ટિકની થેલીઓ પર પ્રતિબંધ મૂકાશે તો લોકોને કપડાની કે કાગની થેલીનો વિકલ્પ મળી રહેશે. ઉત્તરાખંડ અને હિમાચલમાં તો પ્લાસ્ટિકી થેલી ઉપર પ્રતિબંધ છે.'

સુનાવણી દરમિયાન ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને એએમસી દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી અંગેના આંકડા રજૂ કરવામાં આવ્યા હતાં. તણે જણાવ્યું હતું કે, 'રાજ્યમાં પ્લાસ્ટિક કચરા અને તેના નિકાલની જાગૃતિ સંદર્ભે ૨૪૦૦ થી વધુ ઈવેન્ટ્સ-કાર્યક્રમો યોજાયા હતાં, જેમાં ત્રણ લાખ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમો દરમિયાન દસ હજાર ટન જેટલું પ્લાસ્ટિક એકત્ર કરાયું હતું. રાજ્યમાં વિવિધ સ્થળોએ કપડાની થેલી માટેના ૨૫૦ જેટલા મશીનો પણ મૂકવામાં આવ્યા છે. સાથે સાથે દોઢ કરોડ જેટલી મોટી માત્રામાં કપડાની થેલીઓનું લોકોને વિતરણ કરાયું હતું.'

અમ્યુકો તરફથી જણાવાયું કે, 'અમદાવાદ શહેરમાં ડોર ટુ ડોર કલેક્શન અંતર્ગત દિવસમાં ૩૫૦ મેટ્રિક ટન પ્લાસ્ટિક એકત્ર થઈ રહ્યું છે. ૭૫ માઈક્રોનથી પાતળી પ્લાસ્ટિકની થેલીઓ, પ્લાસ્ટિક કપ, પાન-મસાલાના પાણીના પ્લાસ્ટિક પાઉચ વિગેરે પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. અત્યાર સુધીમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના વિક્રેતાઓ પાસેથી રૂા. ૧૫ કરોડનો દંડ વસૂલ્યો અને ૧૬.૫૦ લાખ કપડાની થેલીઓનું વિતરણ કરાયું છે. કસૂરવારની દુકાન પણ સીલ કરવામાં આવે છે.'

હાઈકોર્ટે અમદાવાદ શહેરમાં સાત ઝોનમાં થઈ રહેલી અસરકારક અમલવારીને ધ્યાનમાં લીધી હતી, પરંતુ સાથે જ તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટને લઈ જરૂરી સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા તાકીદ કરી હતી. કેસની વધુ સુનાવણી હવે આવતા મહિને મુકરર કરવામાં આવી છે.

વિશ્વ પ્રસિદ્ધ રામકથાકાર પ.પૂ. મોરારિબાપુના સાનિધ્યમાં

જોડિયામાં ૫૧મો શ્રી ગીતા જયંતી મહોત્સવ ઉજવાશે

જોડિયા તા. ૨૪: જોડિયામાં વિશ્વ પ્રસિદ્ધ રામકથાધાર પ.પૂ. મોરારિ બાપુના સાનિધ્યમાં તા. ૩૦/૧૧ અને તા. ૧/૧૨ સુધી ૫૧ મા શ્રી ગીતા જયંતી મહોત્સવની ઉજવણી કરવામાં આવશે, જેમાં ગીતા સંદેશ, હોમાત્મક પાઠક સહિતના કાર્યક્રમો યોજાશે.

જામનગર જિલ્લાના જોડિયામાં પ.પૂ. વિરાગમુનીજી સ્થાપિત શ્રી રામ કૃષ્ણ સાધના ટ્રસ્ટ શ્રી ગીતા વિદ્યાભવનમાં વિશ્વ પ્રસિદ્ધ કથાકાર પ.પૂ. મોરારિબાપુના પાવન સાનિધ્યમાં ૫૧ મો શ્રી ગીતા જયંતી મહોત્સવ ઉજવાશે, જેમાં તા. ૩૦/૧૧ ને રવિવારે સાંજે ૪ થી ૭ વાગ્યા દરમિયાન સંતો અને કથાકારો દ્વારા સત્સંગ પ્રવચન કરવામાં આવશે.

તા. ૧/૧૨ ને સોમવારે શ્રી ગીતા જયંતીના યુગ પર્વ દિને સવારે ૯-૩૦ વાગ્યાથી પ.પૂ. શ્રી મોરારિબાપુ ગીતા સંદેશ આપશે. શ્રી ગીતા વિદ્યાલયના બાળકો અને ભાવિકો દ્વારા સામૂહિક હોમાત્મક પાઠ અને અનુષ્ઠાન કરવામાં આવશે. સર્વે ભાવિકોને આ કાર્યક્રમનો લાભ લેવા શ્રી રામકૃષ્ણ સાધના ટ્રસ્ટ-શ્રી ગીતા વિદ્યાલય પરિવાર-જોડીયા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

જામનગરમાં તળાવની પાળે વૃક્ષની ડાળી તૂટી પડી

જામનગરમાં તળાવની પાળે ગેઈટ નંબર ૩ પાસે એક વૃક્ષની ડાળી તૂટી અને રસ્તા ઉપર પડી હતી. પરિણામે વાહનવ્યવહાર અવરોધાયો હતો. બનાવની જાણ થતાં જ ફાયરબ્રિગેડ સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કામગીરી હાથ ધરીને માર્ગ ખુલ્લો કરાવ્યો હતો, જેથી વાહન-વ્યવહાર પૂર્વરત થયો હતો.

ટેન્ડર મંજુર થતા ટૂંક સમયમાં કામ શરૂ થશે:

અંતે... દ્વારકામાં સુદામા સેતુના અદ્યતન નવનિર્માણનું કામ મંજુર

રૂપિયા ૧૪.૧૨ કરોડના ખર્ચે હાલના સ્ટ્રકચરના સ્થાને સ્ટેનલેશ સ્ટીલનો નવો કેબલ બ્રિજ બનશે

ખંભાળિયા તા. ૨૪: દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકામાં ગોમતી નદીથી પંચકૂઈ જવા માટે સુદામા સેતુનું નિર્માણ રિલાયન્સ દ્વારા કરવામાં આવેલું, પરંતુ મોરબી પુલ દુર્ઘટનાના પગલે આ પુલ ઘણાં લાંબા સમયથી લોકોને જવા-આવવા માટે બંધ કરી દેવાતા ગોમતીથી પંચકૂઈ જવા લોકોને ખૂબ પરેશાની રહેતી હતી.

આ પુલનું નવીનિકરણ કરવા માટે સરકારમાંથી ૧૪.૧૧ કરોડના ખર્ચે અદ્યતન નવો પુલ બનાવવા કામગીરી મંજુર કરવામાં આવેલી જેમાં ૯.૧૧ કરોડ યાત્રાધામ વિકાસ સમિતિ તથા પાંચ કરોડ દ્વારકા દેવસ્થાન સમિતિ દ્વારા ફાળવાયેલા આ કામ માટેનું ટેન્ડર ગત વર્ષે આ પુલ બનાવેલ તે જ કંપનીનું મંજુર થતા થોડા સમય પહેલા જ પી.ડબલ્યુ.ડી. તંત્ર દ્વારા કંપનીને વર્ક ઓર્ડર અપાતા થોડા સમયમાં જ કામ ચાલુ થશે.

ઉલ્લેખનિય છે કે, હાલના સુદામા સેતુ પુલનું તમામ સુપર કન્સ્ટ્રક્ચર દૂર કરીને સ્ટેનલેશ સ્ટીલનો કેબલ બ્રિજ નવો બનશે. હાલના પુલના પાયાના પીલર રખાશે તેનું સ્ટેનલેશ સ્ટીલનો મજબૂતિકરણ કરવામાં આવશે.

અનુભૂતિ ગ્રુપ અને નમસ્તે ઈન્ડિયાના સંયુક્ત રીતે

જામનગરમાં પ્રથમ વખત ત્રણ દિવસના ચિત્ર પ્રદર્શન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ 'નમસ્તે જામનગર'

જામનગર તા. ૨૪: જામનગરની કલા સંસ્થા અનુભૂતિ અને નમસ્તે ઈન્ડિયા પૂણેના સંયુક્ત ઉપક્રમે જામનગરમાં આગામી તા. ૫ થી ૭ ડિસેમ્બર દરમિયાન 'નમસ્તે જામનગર' સાંસ્કૃતિક અને કલાનો મેળો યોજાશે. જેનું ઉદ્ઘાટન તા. ૪-૧૨-૨૦૨૫ ના દ્વારકાધીશ મંદિરના દર્શન અને પૂજા દ્વારા નમસ્તે ઈન્ડિયાના સ્થાપક સુધીર સલુનકે દ્વારા કરવામાં આવશે.

ત્યારપછી સુમેર રેસિડેન્સી હોલ, સુમેર કલબ, જામનગરમાં ચિત્ર પ્રદર્શનનું ઉદ્ઘાટન જુનિયર કલાકારો રિવા મુંગરા (ઉ.વ. ૭) અને ધ્યેય શાહ (ઉ.વ. ૧૪) દ્વારા તા. ૫-૧૨-૨૦૨૫ ના સવારે ૧૦ વાગ્યે કરવામાં આવશે, જેમાં જામનગર ઉપરાંત વિદેશી કલાકારો સાઉથ કોરિયાના ૬૫ ચિત્રોનું પ્રદર્શન યોજાશે. આ પ્રદર્શન નિઃશુલ્ક જાહેર જનતા માટે સવારે ૧૦ થી બપોરે ૧ સુધી તથા બપોરે ૩ થી સાંજે ૬ સુધી તારીખ ૫, ૬ અને ૭ ના નિહાળી શકાશે.

આ અનેરા કલા અને સાંસ્કૃતિકના સમન્વય 'નમસ્તે જામનગર'ને નિહાળવા જામનગરની જનતાને તથા જામનગરના મહાનુભાવોને અનુરોધ કરાયો છે.

આ સાથે પંડિત આદિત્યરામ ઘરાનાના સંગીતની સંધ્યા સંગીત સાધના મંદિરના કલાકારો દ્વારા તા. ૧-૧૨-૨૦૨૫ ના સવારે ૧૧ થી ૧ સુધી રણમલ તળાવ લાખોટા મ્યુઝિયમ પાસે લાઈવ પેન્ટિંગ તથા તા. ૭-૧૨-૨૦૨૫ ના સવારે ૧૦ થી ૧૨ હેરિટેજ વોક ક્રિકેટ બંગલાથી બાલાહનુમાન મંદિર સુધી અને ત્યારપછી ગુરુદ્વારા સિંધ સભાની મુલાકાત કરવામાં આવશે. આ અનેરા કલા અને સાંસ્કૃતિકના સમન્વય 'નમસ્તે જામનગર'ને નિહાળવા જામનગરની જનતાને તથા જામનગરના મહાનુભાવોને અનુરોધ કરાયો છે.

વિક્ટોરિયા પુલ નજીક રાજપાર્ક-સેવાસદન નજીક

આજથી જામનગરમાં એસ.ટી. બસના મુસાફરો માટે વધારાની બુકીંગ સુવિધા

જામનગર તા. ૨૪: રાજ્યના એસ.ટી. વિભાગ દ્વારા આજથી વિદ્યાર્થીઓ માટે મુસાફરો માટે રાજપાર્ક, સેવાસદન નજીક બુકીંગ સુવિધા શરૂ કરવામાં આવી છે.

રાજ્ય વાહન વ્યવહાર નિગમ (એસ.ટી) દ્વારા મુસાફરો માટે અને વિદ્યાર્થીઓ માટે બુકીંગ, પાસ વિગેરેની સુવિધા એસ.ટી. ડેપોમાં ઉપલબ્ધ હતી. આથી દૂરના વિસ્તારોના રહેતા લોકોને બસમાં મુસાફરી માટેના ટિકિટ બુંકીંગ અને વિદ્યાર્થીને પાસ મેળવવા માટે ડેપો સુધી જવું પડતું હતું.

પરંતુ આજથી નવી વધારાની સુવિધાનો પ્રારંભ થયો છે. રાજકોટ માર્ગે, ગુલાબનગર, રાજપાર્ક, સેવા સદન પાસે બુકીંગ સુવિધા શરૂ કરવામાં આવી છે.

સવારે ૮ થી ૧૩-૩૦ અને બપોરે ૨ થી સાંજે ૭ વાગ્યા સુધી અહિં બુકીંગ સુવિધા મળશે જેનો આજથી પ્રારંભ થયો છે.

મુખ્યમંત્રીના આગમન પહેલાં ધ્રોલના ત્રણ અગ્રણીને પોલીસે કર્યા નજરકેદ

જામનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઓવરબ્રિજના ઉદ્ઘાટન માટે આવ્યા તે દરમિયાન રાજકીય વિરોધની શક્યતાના પગલે ધ્રોલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરીશચંદ્રસિંહ જાડેજા, શહેર પ્રમુખ મનસુખભાઈ પરમાર અને વિરોધપક્ષના નેતા અદનાન જન્નરને નજરકેદ કરવામાં આવ્યા હતા.

પ્રથમ અને બીજા તબક્કામાં ૪૭૪૫ કેમ્પમાં ૨૦૭૦ લાખથી વધુ પશુઓની સારવાર અપાઈ:

પશુઓની પ્રજનન ક્ષમતા વધારીને દૂધ ઉત્પાદનમાં વધારો કરવા ફર્ટિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ: રાઘવજી પટેલ

ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવવા માટે પશુપાલન વ્યવસાય એક મહત્વનું પરિબળ પૂરવાર થઇ રહ્યો છે. આ વ્યવસાયને ટકાઉ અને વધુ નફાકારક બનાવવા પશુઓની પ્રજનન ક્ષમતા જાળવી રાખવી અત્યંત આવશ્યક છે. કારણ કે, પશુઓના ગર્ભધારણમાં ખામી કે વિલંબ થતા તેની સીધી અસર દૂધ ઉત્પાદન પર થાય છે. રાજ્યના પશુપાલકોને આ આર્થિક નુકસાનથી બચાવવા અને પશુઓના સ્વાસ્થ્યમાં વૃદ્ધિ કરવાના શુભ આશય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં ફર્ટિલિટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ (એફઆઈપી) અમલમાં મૂકવામાં આવ્યો છે.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ફર્ટિલિટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ (એફઆઈપી)ના અમલીકરણ માટે રાજ્યના કુલ ૬,૨૫૪ ગામોની પસંદગી કરવામાં આવી છે. પસંદગી કરાયેલા ગામની ગાય અને ભેંસોમાં વ્યંઘત્વ દૂર કરી સમયસર ગર્ભધારણ થાય તે સુનિશ્ચિત કરવા માટે એક મુખ્ય કેમ્પ અને ત્યારબાદ બે ફોલોઅપ કેમ્પ યોજાશે. જેમાં ગામના વ્યંઘત્વથી પિડાતા પશુઓની ઓળખ કરી તેમને સારવાર આપવામાં આવશે. ત્યારબાદ ફોલોઅપ કેમ્પ થકી આ પશુઓને ગાભણ થાય ત્યાં સુધી યોગ્ય સારવાર અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ અભિયાન અંતર્ગત દરેક ગામ દીઠ સરેરાશ ૫૦ આવા પશુઓની તપાસ અને સારવાર કરવામાં આવશે.

ત્રણ તબક્કામાં યોજાશે એફઆઈપી

ત્રણ તબક્કામાં યોજાઈ રહેલા આ અભિયાનનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે અને દ્વિતીય તબક્કા હેઠળ અત્યારે કેમ્પ યોજાવાની કામગીરી ચાલી રહી છે. જ્યારે તૃતીય તબક્કો આગામી ડિસેમ્બર-૨૦૨૫ થી જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન યોજાશે. ફર્ટિલિટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ હેઠળ અત્યાર સુધીમાં કુલ ૪,૭૪૫ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આશરે ૧.૫૨ લાખથી વધુ પશુપાલકોના કુલ ૨.૭૦ લાખથી વધુ પશુઓને વિવિધ સારવાર આપવામાં આવી છે. જે પૈકી ગાભણ ન થતા હોય તેવા ૧.૯૪ લાખ પશુઓને વિશેષ જાતિય સારવાર પૂરી પાડવામાં આવી છે.

પશુઓને આપવામાં આવતી સારવાર

રાજ્ય સરકાર, દૂધ ઉત્પાદક સંઘો અને અન્ય સંસ્થાઓના માધ્યમથી ગામ દીઠ યોજાઈ રહેલા આ એફઆઈપી કેમ્પમાં મુખ્યત્વે પશુઓમાં જોવા મળતી ઋતુહિનતા (ગરમીમાં ન આવવું), અવાર-નવાર ઉથલા મારવા (રીપીટ બ્રીડીંગ), ગર્ભાશયનો સોજો, ગર્ભાશયમાં પરુ, ગર્ભપાત તથા ચેપજન્ય રોગો જેવી પ્રજનનલક્ષી સમસ્યાઓની તપાસ કરવામાં આવે છે. આવી સમસ્યા ધરાવતા પશુઓને સારવાર આપીને નિદાન પછી તેમને હોર્મોનલ થેરાપી, પોષણ સુધારણા, દવાઓ તથા પશુપાલકોને વ્યવસ્થાપન સંબંધી માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

એફઆઈપી: શા માટે અનિવાર્ય?

પશુપાલન એ ગુજરાતના લાખો પરિવારો માટે જીવનરેખા છે. માત્ર સારી ઓલાદનાં પશુઓ રાખવા પૂરતું નથી, પરંતુ માદા પશુ સમયસર ગાભણ થાય અને પ્રતિ વર્ષે ઓછામાં ઓછું એક વિયાણ થાય તે પશુપાલનને નફાકારક બનાવવા માટેની ચાવી છે. સામાન્ય રીતે ગાભણ ગાય વર્ગમાં નવ માસ અને ભેંસ વર્ગમાં દસ માસને અંતે કોઇપણ પ્રકારની મુશ્કેલીઓ વગર તંદુરસ્ત બચ્ચાંનો જન્મ આપે તેને આદર્શ સ્થિતિ માનવામાં આવે છે. ગર્ભધારણમાં વિલંબ કે ખામીથી પશુપાલકને સીધું આર્થિક નુકસાન થાય છે. એફઆઈપી થકી ગાય અને ભેંસોમાં વ્યંઘ્યત્વ દૂર કરીને સમયસર ગર્ભધારણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે, જેનાથી પશુનું આરોગ્ય અને દૂધ ઉત્પાદન બંને સુધરે છે.

પશુપાલકોને થતા લાભ

ગુજરાત પહેલેથી જ દેશના અગ્રણી દૂધ ઉત્પાદક રાજ્યો પૈકીનું એક છે. રાજ્ય સરકારના મહત્વકાંક્ષી એફઆઈપી અભિયાનથી રાજ્યના પશુઓના ગર્ભધારણ દરમાં ૨૦ થી ૩૦ ટકાનો સુધારો થવાની શક્યતા છે. આ અભિયાન હેઠળ પશુઓને યોગ્ય સારવાર મળતા વ્યંઘ્યત્વની સમસ્યામાં ઘટાડો આવશે, બે વિયાણ વચ્ચેનો સમયગાળો ટૂંકો થશે, દૂધ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થશે, પશુપાલકોને આર્થિક બચત થશે અને બ્રુસેલોસીસ જેવા ચેપી રોગોના ફેલાવા પર પણ નિયંત્રણ આવશે.

ગુજરાતના ગામડાઓમાં યોજાઈ રહેલા ફર્ટિલિટી ઇમ્પ્રુવમેન્ટ કેમ્પમાં પોતાના ગાય-ભેંસને લાવીને તેની તપાસ કરાવવા પશુપાલન વિભાગ દ્વારા રાજ્યના પશુપાલકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજ્યના ૬૨૫૪ ગામમાં એક મુખ્ય અને બે ફોલોઅપ કેમ્પ

ગુજરાતના દૂધાળા પશુઓમાં વ્યંઘત્વ ઘટાડીને દૂધ ઉત્પાદન વધારવા ફર્ટિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ અલમાં મૂકાયો છે. પશુઓની સાવરાર માટે પસંદ કરાયેલા રાજ્યના ૬૨૫૪ ગામોમાં એક મુખ્ય અને બે ફોલોઅપ કેમ્પ યોજાશે તેમ જણાવ્યું છે. પશુપાલન મંત્રી રાઘવજી પટેલે કહ્યુ હતું કે, પ્રથમ અને બીજા તબક્કામાં કુલ ૪૭૪૫ કેમ્પો યોજી કુલ ૨.૭૦ લાખથી વધુ પશુઓને વિવિધ સારવાર અપાઈ છે. ગાભણ ન થતા હોય તેવા ૧.૯૪ લાખ પશુઓને વિશેષ જાતિય સારવાર અપાઈ છે. અભિયાનથી પશુઓના ગર્ભધારણ દરમાં ૨૦ થી ૩૦ ટકાનો સુધારો આવશે.

શ્રી અન્નપૂર્ણા માતાજી વ્રત ઉત્સવ

જામનગર તા. ૨૪: શ્રી અન્નપૂર્ણા માતાજી વ્રત ઉત્સવનું આયોજન તા. ૨૯/૧૧ થી તા. ૨૬/૧૨ (૨૧ દિવસ) દરમિયાન અન્નપૂર્ણા માતાજીના મંદિરે, હજારેશ્વર મહાદેવ મંદિર, હવાઈ ચોક પાસે, જામનગરમાં કરવામાં આવ્યું છે. વ્રતધારી ભાઈઓ-બહેનોને તા. ૨૪ થી દોરા આપવામાં આવશે. તા. ૧૬/૧૨ ના વ્રત પૂર્ણાહુતિ પ્રસંગે સવારે ૧૦ થી રાત્રિના ૯ વાગ્યા દરમિયાન અન્નકોટના દર્શન રાખવામાં આવ્યા છે. સર્વે ભક્તજનો તથા વ્રતધારીઓને દર્શનનો લાભ લેવા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

નુરી મજલીસ

જામનગર તા. ૨૪: જામનગરના મરહુમ હાજી યુનુસ અબ્દુલ સતાર લાલપરીયા (ડુંગરીવાળા), મરહુમા હવાબેન યુસુફભાઈ અલીયાબાડાવાળાના સવાબ માટે તા. ૨૪-૧૧-૨૫ના રાત્રે ૯:૧૫ થી ૯:૪૫ સુધી મજલીસ નવી નુરી મસ્જીદ, ફરાસાવાડ, જામનગરમાં રાખેલ છે. જેમાં મરીયમ મસ્જીદના પેશઈમામ હાફીઝ ગુલામ જીલ્લાની નુરી તકરીર ફરમાવશે.

જામનગરના જેરમબેન મુસાભાઈ લશકરી (બાઈમાબાઈ)નું તા. ૨૪-૧૧-૨૫ના (ઈન્તેકાલ) અવસાન થયું છે. મરહુમાના સવાબ માટે તા. ૨૫-૧૧-૨૫ ના રાત્રે ૯:૧૫ થી ૯:૪૫ મજલીસ નવી નુરી મસ્જીદ, ફરાસાવાડ, જામનગરમાં રાખેલ છે.

જાહેર નોટીસ

મહારાષ્ટ્ર ફ્રેઈટ રેઈઝર્સ અને એક્સોલ્યુશન વેન્ડર એસો., થાણે ની ૪૪મ ૩૨૩૦ હેઠળ તહસીલદાર અને એક્ઝીક્યુટીવ વેન્ડર ટ્રિબ્યુનલ, ભિવંડીની કોર્ટમાં મૌજે ગિમણાત, તાલુકા ભિવંડી, જિલ્લો થાણે ખાતે નીચે વર્ણવેલ મિલકત અંગે અરજી દાખલ કરવામાં આવી છે.

ઉપરોક્ત કેસમાં, પ્રતિવાદીઓ શ્રીમ. વીરાવતી ડાહ્યાભાઈ પ્રજાપતિ અને અન્ય, રહે. ગિમણાત, તા. ભિવંડી, જિ. થાણે, ને ઉપરોક્ત સરનામે નોટિસ મોકલવામાં આવી હતી, જો કે, પ્રતિવાદીઓ ઠુકરાવવી માટે હાજર ન થયા હોવાથી, જાહેર નોટિસ અહીં પ્રકાશિત કરવામાં આવે છે. જો કે, પ્રતિવાદીઓ અથવા તેમના કાનૂની વારસદારો અથવા અન્ય કોઈ વ્યક્તિ પહોંચે ટ્રાન્સફરેક્ટ પુરાવા સાથે તા. ૨૫.૧૧.૨૦૨૫ સવારે ૧૧.૩૦ વાગે તહસીલદાર અને કુલ જનરલ ટ્રિબ્યુનલ, ભિવંડીની કોર્ટમાં હાજર થવાના તેમના કાનૂની સત્તાધારકારી દ્વારા હાજર રહેવું જોઈએ. એ નોંધવું જોઈએ કે જો પ્રતિવાદીઓ ઉપરોક્ત દિવસે હાજર ન થાય, તો એવું માનવામાં આવશે કે તેમને આ બાબતમાં કોઈ રસ નથી અને તેમની પાસે કહેવા માટે કંઈ નથી અને એકપક્ષીય ઠુકરાવવી કરવામાં આવશે અને નિયમો અનુસાર નિર્ણય આપવામાં આવશે.

આવકની વિગતો

ગામનું નામ	સ.નં. / હિ.નં.	ક્ષેત્ર (હેક્ટર.આર.ચો)	પો.ખ. (હેક્ટર.આર.ચો)	આકાર
મૌજે ગિમણાત, તા. ભિવંડી, જી. થાણે	૨૭૬	૦.૪૮.૦૦ ચાર્ટિંગ ક્ષેત્ર ૧.૫૧.૦૦	૦.૦૪.૮૦	૧૩.૫૦

અરજદાર અને લાભાર્થીઓના નામ

૧. શ્રીમ. તારાબાઈ સીતારામ પાટીલ, રહે. ઘર નં. ૧૭૭, મોર્ચે રોડ, ગિમણાત, તા. ભિવંડી, જી. થાણે. ૨. શ્રી. સુનિલ સીતારામ પાટીલ, રહે. ઘર નં. ૧૭૭, મોર્ચે રોડ, ગિમણાત, તા. ભિવંડી, જી. થાણે

વિરુદ્ધ

૧. સ્વ. ડાહ્યાભાઈ રાવજી પ્રજાપતિ મૃતક. ૧.૧. સ્વ.વીરાવતી ડાહ્યાભાઈ પ્રજાપતિ મૃતક (પત્ની); ૨. સ્વ. કરસન વેણજી પ્રજાપતિ, મૃતક વતી વારસદાર ૨.૧. શ્રીમ. જયશ્રી કરસન પ્રજાપતિ સ્વ.(પત્ની); ૨.૨. શ્રી કેતન કરસન પ્રજાપતિ (પુત્ર) ૨.૩. શ્રીમ. મનીષા મહેશ વિરોડા (પુત્રી) રહે. કમાલા, તા. કમાલા, જિ. થાણે. ૨.૪. શ્રીમ. ભારતી જીતેન્દ્ર જેસવા (પુત્રી) રહે. પનવેલ, તા. પનવેલ, જિ. રાયગડ. ૨.૫. શ્રીમ. દક્ષા નીતિન ગોસર (પુત્રી) રહે. ડોમ્બિવલી, તા. કમાલા, જિ. થાણે ૨.૬. શ્રીમ. રેખા કરસન પ્રજાપતિ (પુત્રી) રહે. મુંબઈ ઉપનગર, તા. મુંબઈ, જિ. મુંબઈ. ૩. સ્વ. રાવજી રાવજી પ્રજાપતિ, મૃતક વતી વારસદાર, ૩.૧. શ્રી. મનોજ રાવજી પ્રજાપતિ (પુત્ર) ૩.૨. શ્રીમ. ધંધા મનોજ પાલકાવડીયા (પુત્રી) રહે. મુંબઈ ઉપનગર, તા. મુંબઈ, જિ. મુંબઈ. ૩.૩. શ્રીમ. જયશ્રી વિનોદ મારવા (પુત્રી) ૩.૪. કમના વસંત પાલકીયા (પુત્રી) રહે. જામનગર, ગુજરાત રાજ્ય. ૪. સ્વ. કાનજી વેણજી પ્રજાપતિ મૃતક વતી વારસદાર ૪.૧. સ્વ. વીરાબેન કાનજી પ્રજાપતિ (પત્ની) ૪.૨ શ્રી. હીરાલાલ કાનજી પ્રજાપતિ (પુત્ર) રહે. કોનગાંવ, તા. ભિવંડી, જિ. થાણે. ૪.૩ શ્રી. જયંતિલાલ કાનજી પ્રજાપતિ (પુત્ર) રહે. કોનગાંવ, તા. ભિવંડી, જિ. થાણે, ૪.૪. શ્રી. જયંતિલાલ કાનજી પ્રજાપતિ (પુત્ર) રહે. કમાલા, તા. કમાલા, જિ. થાણે, ૪.૫. શ્રી. હસમુખ કાનજી પ્રજાપતિ (પુત્ર) રહે. કમાલા, તા. કમાલા, જિ. થાણે ૪.૬. શ્રી. જગદીશ કાનજી પ્રજાપતિ (પુત્ર) રહે. કમાલા, તા. કમાલા, જિ. થાણે, ૪.૭. શ્રી. મનિલ કાનજી પ્રજાપતિ (પુત્ર) રહે. કોનગાંવ, તા. ભિવંડી, જિ. થાણે, ૪.૮. શ્રીમ. શારદાબેન મનસુખભાઈ કાપડીયા (પુત્રી) રહે. કોનગાંવ, તા. ભિવંડી, જિ. થાણે, ૪.૯. સ્વ. કમિબાઈ કાનજી પાલકાનું મૃતક (પુત્રી) રહે. મુંબઈ ઉપનગર, તા. મુંબઈ, જિ. મુંબઈ. ૪.૧૦. શ્રીમ. ગુલાબંતી સમેરચંદ મેરાણી (પુત્ર) રહે. મુંબઈ ઉપનગર, તા. મુંબઈ, જિ. થાણે. ૫. કે. રાવજી વેણજી પ્રજાપતિ મૃતક વતી વારસદાર, ૫.૧. સ્વ. ચંદુલાલ રાવજી પ્રજાપતિ મૃતક (પુત્ર) ૫.૨. સ્વ. રમણીકલાલ રાવજી પ્રજાપતિ મૃતક વતી વારસદાર, ૫.૨.૧. શ્રીમ. ધનાબેન રમણીકલાલ પ્રજાપતિ (પત્ની) રહે. કોનગાંવ, તા. ભિવંડી, જિ. થાણે, ૫.૨.૨. શ્રી. કેતન રમણીકલાલ પ્રજાપતિ (પુત્ર) રહે. કોનગાંવ, તા. ભિવંડી, જિ. થાણે, ૫.૨.૩. શ્રીમ. પૂજા રમણીકલાલ પ્રજાપતિ (પુત્ર) રહે. કમાલા, તા. કમાલા, જિ. થાણે, ૫.૩. શ્રીમ. જયશ્રી ડાહ્યાભાઈ સોલંકી (પુત્રી) રહે. મુંબઈ ઉપનગર, તા. મુંબઈ, જિ. થાણે, ૫.૪. શ્રીમતી જાગૃતા જયમુખ શાહ (પુત્રી) રહે. મુંબઈ ઉપનગર, તા. મુંબઈ, જિ. મુંબઈ ૬. સ્વ. કેશવાઈ કેશવાંદ પ્રજાપતિ મૃતક વતી વારસદાર, ૬.૧ શ્રી. વિક્રમ કેશવાંદ પ્રજાપતિ (પુત્ર) રહે. કમાલા, તા. કમાલા, જિ. થાણે, ૬.૨ શ્રી. માધવ કેશવાંદ પ્રજાપતિ (પુત્ર) રહે. કમાલા, તા. કમાલા, જિ. થાણે, ૬.૩. શ્રી. શ્યામ કેશવાંદ પ્રજાપતિ (પુત્ર) રહે. કમાલા, તા. કમાલા, જિ. થાણે, ૬.૪. શ્રી. વિઠ્ઠલાંદ કેશવાંદ પ્રજાપતિ (પુત્ર) રહે. મુંબઈ ઉપનગર, મુંબઈ. જિલ્લો મુંબઈ ૭ કે. ભગવાનજી વેણજી પ્રજાપતિ મૃતક ૮. શ્રી રાજેશ મુરાદ પ્રજાપતિ ચોક્ષ તલાટ રહે. કોનગાંવ, તા. ભિવંડી, જિ. થાણે

નંબર/ફિમિલી રજીસ્ટર/૩૨(૩)/૦૨૧૦૨/૨૦૨૩ સહી XXX

તહસીલદાર ઓફિસ, ભિવંડી (અભિજીત ખોરે)

તારીખ ૦૭/૧૧/૨૦૨૫ તહસીલદાર અને કુલ જમીન ટ્રિબ્યુનલ, ભિવંડી